# આઈઆઈટી-Gnને 'યુનિવર્સિટી ઑફ ધ યર'નો એવોર્ડ એનાયત



ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ ભારત દેશના અન્ય રાજ્યો માટે વિકાસનું શ્રેષ્ઠ ઉદાહરણ બનીને સામે આવ્યુ છે. ગુજરાતનો આ વિકાસ માત્ર ઉધોગો પુરતો મર્યાદિત રહ્યો નથી. ગુજરાતની હવે 'એજ્યુકેશન હબ' તરીકે નવી આગવી ઓળખ બનાવી રહ્યુ છે. ગુજરાતમાં ખાસ કરીને અમદાવાદ અને ગાંધીનગરમાં નિફ્ટ, એનઆઈડી, આઈઆઈએમ, માઈકા, જેવી ટોચપમની એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટ ભારતભરના સ્ટુડન્ટસને આકર્ષે છે. ગાંધીનગરના પાલેજ ખાતે આવેલી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી ગાંધીનગરે આ વાતને ભારતી પ્રથમ નંબરની યુનિવર્સિટીનો એવોર્ડ જીતીને સાબીત કરી બતાવ્યુ છે.

'ફેડરેશન ઑફ ઈન્ડિયન ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ'દ્વારા દરવર્ષે ભારતના વિવિધ રાજ્યોની યુનિવર્સિટીઓના વિવિધ કેટેગરીમાં નામાંકન આવતા હોય છે. જેમાથી ભારતની બેસ્ટ યુનિવર્સિટી સિલેક્ટ કરવામાં આવે છે. આ વર્ષે દિલ્હી ખાતે યોજાયેલા એવોર્ડ વિતરણ કાર્યક્રમમાં આઈઆઈટી ગાંધીનગર 'બેસ્ટ યુનિવર્સિટી ઑફ ધ યર'નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આઈઆઈટી ગાંધીનગરને જે યુનિવર્સિટીની સ્થાપના થયાને ૧૦ વર્ષના થયા હોય તેવી યુનિવર્સિટીઓની કેટેગરીમાં નોમિનેટ કરવામાં આવી હતી. જેમાં આઈઆઈટી ગાંધીનગરના એજ્યુકેશન, ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ, ઈનોવેશન પ્રોગ્રામ જેવા વિવિધ ખાસિયતોને ધ્યાનમા રાખી બેસ્ટ યુનિવર્સિટીના ખિતાબથી સન્માનિત કરવામાં આવી છે. આ કેટેગરીમાં ભારતભરમાંથી વિવિધ યુનિવર્સિટીઓ ભાગ લે છે.

આ અંગે આઈઆઈટીજીએનના ડાયરેક્ટ સુધિર જૈન કહે છે કે આઈઆઈટીને ઈનોવેશનના ક્ષેત્રમાં મેળવેલી સિદ્ધીઓ બદલ આ 'બેસ્ટ યુનિવર્સિટી ઑફ ધ યર'થી સન્માનિત કરી છે. આઈઆઈટી વિદ્યાર્થીઓને ગ્લોબલ લેવલનું એજ્યુકેશન આપવાનો મુખ્ય ધ્યેય છે. જે દિશામાં આઈઆઈટી દ્વારા વિવિધ પ્રકારના પ્રોગ્રામ દ્વારા આગળ વધી રહી છે. ભવિષ્યમાં પણ અમે સ્ટુડન્ટસ પ્રોગ્રેસિવ વર્ક હાથ ધરીશુ.